647510 **BA0GujCC622A** **Seat No :_________**

# B.A. Semester - 6 (*CBCS*) Examination
## March/April -2019
## GUJARATI: P22 APATHIT: KAVYA NO ASWAAD, GADHYKHAND NU VIVRAN, SAHITYIK SANSKRUTIK NIBANDHO(CORE - 22)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**

1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઇપણ એક કાવ્યનો આસ્વાદ કરાવો. (૧૪)

પાંદડી તે પી પીને કેટલું રે પીશે
કે મૂળિયાને પડવાનો શોષ?
આભ જેવા આભને હૈયામાં હોય કદી
જળના વરસ્યાનો અફસોસ?
એકપણ એક મોજાં આવે ને જાય
એને કાંઠે બેસીને કોણ ગણતું?
વાદળનાં કાફલાનું ગીત અહીં લ્હેરખીમાં
રેશમનો સૂર રહે વણતું:
ઉઘાડી આંખે આ જાગતા ઉજાગરાને
આઘાં પરોઢ આઠ કોશ!
નીંદરતી આંખમહીં ઊમટીને ઊભરાતું.
જાગે છે સપનાનું ટોળું,
કિરણોની એક એક કાંકરી નાખીને
જપ્યું તળાવ નહિ ડ્હોળું
આખા આકાશને ઓઢીને ઠરવાનો
જળને છે ઝીણો સંતોષ!

- **જગદીશ જોષી.**

અથવા

પ્રશ્ન-૧

આજ ! મહારાજ ! જલ પર ઉદય જોઇને
ચંદ્રનો હ્રદયમાં હર્ષ જામે
સ્નેહધન, કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગનમાંહિ ઉત્કર્ષ પામે;
પિતા! કાલના સર્વ સંતાપ શામે !
નવલ રસ ધવલ તવ નેત્ર સામે !
પિતા ! કાલનાં સર્વ સંતાપ શામે !
જલધિજલદલ ઉપર દામિની દમકતી;
યામિની વ્યોમસર માંહિં સરતી;
કામિની કોકિલા, કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !

તરલ તરણી સમી સરલ તરતી,
પિતા ! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી !
**-કવિ કાન્ત**

પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઇપણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

"નીતિ એ મનુષ્યનાં નાવને દોરનાર ધ્રુવ છે. પણ નાવ પાણીનાં મોજાંથી ડરીને સમુદ્રમાં જ પડે નહિ તો ધ્રુવનું દર્શન કશા ઉપયોગનું નથી, ધારેલે બંદરે વહાણ પહોંચતું નથી. નીતિનું તત્વ પોતે, પોતાની સાચવી સાચવીને, ફૂંકી ફૂંકીને, ચાલવામાં, કે પોતાનાં કર્તવ્યોની સન્મુખ થતાં જે સંબંધ સંસર્ગાદિ કરવા પડે તેમનાથી ડરી જઇ કર્તવ્યોનો ત્યાગ કરવામાં રહ્યું નથી; પ્રાપ્ત થતાં કર્તવ્યમાં આંખો મીંચીને ઝોકાવ્યાં છતાં, ઇષ્ટનિષ્ટ કે કનિષ્ટ ગમે તેવા સંબંધ સંસર્ગ અવશ્ય રીતે પ્રાપ્ત થાય તે વહોર્યા છતાં, કર્તવ્યને પાર ઉતારતાં, સંબંધ કે સંસર્ગની અસર પોતાનાં નીતિ નિયમ ઉપર ન થવા દેતાં તે તે સંસર્ગાદિકનો ઉપયોગ કર્તવ્ય કરવામાં થઇ શકે તેટલો કરી લેતા થવો એમ ઉત્તમ વીર્યનું આધાર કરી આપવામાં નીતિનું તત્વ રહેલું છે."

-મણિલાલ નભુભાઇ દ્વિવેદી.

અથવા

પ્રશ્ન-૨ "સઘળું સર્જન, તેની અંતરતમ્ પ્રક્રિયાનાં રહસ્યમાં જોવા જઇએ તો, એક જાતની અગમ્ય ઘટના છે. એ સર્જનનાં માત્ર અત્યંત સ્થૂળ અથવા તો યંત્રવત અંશનું જ બહુ બહુ તો પૃથ્થકકરણ થઇ શકે. કવિતાની સર્જનાત્મક શક્તિ પણ આમાં અપવાદ નથી. કવિ એક એવો જાદુગર છે જે ભાગ્યે જ પોતાનું જાદુનું રહસ્ય જાણતો હોય છે. સર્જનમાં તેનું મન આલોચનાત્મક કે રચનાત્મક રીતે જે ભાગ જ્ઞાનપૂર્વક ભજવે છે તે પણ બુદ્ધિ કરતાં સહજ પ્રજ્ઞાની વિશેષ ક્રિયા હોય છે. અધ્યાત્મ શક્તિની વાહિની અથવા તો કરણ બની રહે છે. અને એ સર્જનનો રસાસ્વાદ લેવાનું કાર્ય કવિ પોતે કે બીજાએ બૌદ્ધિક વિવેક દ્વારા નહીં પણ આધ્યાત્મિક સંવેદના દ્વારા જ કરે છે."

-શ્રી અરવિંદ.

પ્રશ્ન-3 નીચેનામાંથી કોઇપણ એક નિબંધ લખો. (૧૪)

"જીવનમાં પ્રવાસનું મહત્વ."

અથવા

પ્રશ્ન-3 "સાંપ્રત સમસ્યાઃ આતંકવાદ."

પ્રશ્ન-૪ નીચે આપેલ પંક્તિઓનો વિચાર-વિસ્તાર કરો. (૧૪)

(૧) "હે હીન, જન્મે નવ હીન માનવ,
કે હીન કર્મે કરી હીન માનવ."

(૨) "વાણી કાતર પણ છે અને સોય પણ છે."

અથવા

પ્રશ્ન-૪ નીચે આપેલા અહેવાલનું આલેખન કરો.

(૧) "રાજ્યમાં ફાટી નીકળેલા "સ્વાઇનફ્લુ" રોગચાળા અંગે અહેવાલ આપો.

(૨) "કોલેજ તરફથી યોજાયેલા પ્રવાસ વિશેનો અહેવાલ આપો.'

પ્રશ્ન-૫ નીચેના "૪" પૈકી કોઇપણ "૨" પ્રશ્નનાં જવાબ આપો. (૧૪)

(૧) અરજી લેખન સ્વરૂપ.

(૨) જીવન ઘડતરમાં કેળવણીનું મહત્વ.

(૩) ગિરનાર સફાઇ અભિયાન માટે વનવિભાગના અધિકારીની મંજૂરી માગતી અરજી કરો.

(૪) સાહિત્ય અને જીવન.

***********************************